ગુજરાત રાજયમાં પ્રાથમિક શાળાના
ધો.૬ અને ૭ના બાળકો માટે ઘઉં/ચોખા
ખરીદવા બાબત...

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:– મભય–૧૦૨૦૦૦–૫૧૮–૨,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:– 24 JUL 2000

વંચાણે લીધા:–

(૧) શિક્ષણ વિભાગના તા. ૯ મી નવેમ્બર ૧૯૮૪નો ઠરાવ ક્રમાંક:– મભય–૧૩૮૪–ક
(૨) શિક્ષણ વિભાગનો તા.૩૦મી નવેમ્બર ૧૯૮૪નો ઠરાવ ક્રમાંક:–મભય–૧૩૮૪–ક(૪)
(૩) શિક્ષણ વિભાગનો જાન્યુઆરી–૧૯૯૨નોઠરાવક્રમાંક: મભય ૧૩૯૦–૧૫૪૨(૯૧)ક
(૪) અન્નનિયામકશ્રી, ગાંધીનગરના તા. ૮:૨:૨૦૦૦ના પત્રક્રમાંક: ન.અનજ–મભય–ખરીદી–૯૪–

ઠરાવ:–

રાજયની પ્રાથમિક શાળાઓમાં ભણતા બાળકોને મધ્યાહ્‌ન ભોજન પૂરું પાડવાની યોજના આમુખ(૧) થી (૩)માં વંચાણે લીધેલા ઠરાવથી સરકારશ્રીએ ચાલુ કરેલ છે. આ યોજના હેઠળ પ્રાથમિક શાળાના ધોરણ ૧ થી ૭ના બાળકોને દિવસમાં બપોરના સમયે તાજું પૌષ્ટિક ભોજન પૂરું પાડવામાં આવે છે. સને ૧૯૯૫ થી ભારત સરકારે પ્રાથમિક શાળાના ધોરણ ૧ થી ૫ના બાળકો માટે ભોજન યોજના શરું કરેલ છે. આ યોજના હેઠળ પ્રાથમિક શાળાના ધોરણ ૧ થી ૫ના લાભાર્થી બાળકો માટે બાળક દીઠ ૫૦ ગ્રામ ઘઉં અને ૫૦ ગ્રામ ચોખા, ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડીયા મારફતે વિના મુલ્યે ભારત સરકાર ધ્વારા પુરા પાડવામાં આવે છે.

સને ૧૯૯૫ માં ભારત સરકારશ્રીએ ધોરણ ૧ થી ૫ના બાળકો માટે ઘઉં/ચોખા આપવામાં આવતા હોઈ, રાજય સરકારશ્રીની મૂળ મધ્યાહ્‌ન ભોજન યોજના મુજબ ધોરણ ૬ અને ૭ના બાળકોને આ યોજનાથી વંચિત ન રહી જાય તે માટે આ ધોરણના બાળકોને મધ્યાહ્‌ન

ભોજન યોજનાનો લાભ આપવા માટેના જરુરી ઘઉ અને ચોખા ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ પાસેથી ખરીદવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે પ્રાથમિક શાળાના ધોરણ--૬ અને ૭ના અંદાજે ૫.૨૦ લાખ બાળકોને મધ્યાહન ભોજન યોજનાનો લાભ આપવા માટે બાળક દીઠ ૫૦ ગ્રામ અને ૩૦ ગ્રામ ચોખાના દૈનિક પ્રમાણ મુજબ વાર્ષીક અંદાજે ૪૪,૨૦૦ ક્વિન્ટલ ઘઉ તથા ૨૬,૫૨૦ ક્વિન્ટલ ચોખાનો જથ્થો ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ પાસેથી ખરીદવાની સરકારશ્રીની મંજુરી આપવામાં આવે છે. નિગમે ખરીદી સ્પર્ધાત્મક ભાવો મેળવી કરવાની રહેશે. આ જથ્થાની મૂળ કિંમત તથા હેન્ડલીગ ચાર્જ પાછળ થનાર ખર્ચ મધ્યાહન ભોજન યોજના હેઠળ દર વર્ષે મંજુર થતા અંદાજપત્રની જોગવાઈઓમાંથી મેળવવાનો રહેશે. અને અંદાજપત્રના જે તે સદરે ઉધારવાનું રહેશે. સને ૨૦૦૦--૨૦૦૧માં આ ઘઉ અને ચોખાની ખરીદી પાછળ થનાર ખર્ચના નાણાં ચાલુ વર્ષે મંજુર થયેલ અનુદાનમાંથી મેળવવાના અને નીચેના સદરે ઉધારવાના રહેશે.

(૧) માગણી નં..૮

૨૨૩૬--પોષણ--૧૦૨, મધ્યાહન ભોજન યોજના.

(૧) સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટે મધ્યાહન ભોજન યોજના (પ્લાન).

(૨) માગણી નં..૯૩

૨૨૩૬--પોષણ--૧૦૨--મધ્યાહન ભોજન યોજના.

(૧) સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટે મધ્યાહન ભોજન યોજના (પ્લાન).

(૩) માગણી નં..૯૪

૨૨૩૬--પોષણ--૧૦૨--પોષણયુક્ત આહાર અને પીણાંનું વિતરણ ૭૯૬/ આદિજાતિ વિસ્તાર માટે યોજના--૩--મધ્યાહન ભોજન યોજના એમ.ડી.એમ.૧/સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટે મધ્યાહન ભોજન યોજના.

આ વિભાગની સરખાક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા. ૧૩:૭:૨૦૦૦ની નોંધથી મળેલ સંમતિથી આ આદેશો બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એલ.જે.ચારેલ)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ.